**ફોજદારી કેસ નં. ૪૯૯/૨૦૨૬**
**આંક ૧૨**

૧. ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે હાલનાં બંને આરોપીઓએ જાહેર જગ્યામાં પાનાં પત્તાનો હારજીતનો જુગાર રમી રમાડતા મળી આવેલ જે અંગે ફરીયાદીની ફરીયાદ ઉપરથી જુગાર ધારા એકટ ની કલમ ૧૨ અ મુજબનું ચાર્જશીટ રજૂ રાખેલ છે.

૨. આરોપીઓ તરફે આંક ૦૮ તથા આંક ૦૯ મુજબની ગુન્હા કબૂલાત પુરશીશ રજૂ થતા આંક ૧૦ તથા આંક ૧૧ થી પ્લી રેકર્ડ કરતાં આરોપીઓ તરફે સ્વેચ્છાપૂર્વક ગુન્હાની કબૂલાત કરેલ છે આરોપીઓની સ્વૈચ્છિક કબૂલાત નહીં માનવાને કોઈ કારણસર રહેતું નથી.

૩. કેસની હકીકત આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છિક કબૂલાત ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટ ગુજરાત રાજ્ય વિરુધ્ધ નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર.૨૦૦૫ (૧) પાનાં નં. ૭૦૯) આપેલ સમજૂતી મુજબ આરોપીઓને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હિત સચવાય તેમ છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પૂરતા કારણો જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

હાલનાં પ્રત્યેક આરોપીને ક્રી.પ્રો.કો. ની કલમ ૨૫૨ અન્વયે જુગાર ધારાની કલમ ૧૨ અ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને રૂ. ૨૦૦/- (અંકે રૂ. બસો પુરા) નો દંડ કરવામાં આવે છે.

પોલીસે મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા પ્રમાણે કબજે કરેલ ચલણી નાણૂ રોકડ રકમ સરકાર હસ્તક જમા કરાવવાનો હુકમ કરવામા આવે છે.

તથા બીન કિંમતી મુદ્દામાલ ગંજીપાના તથા પાથરણાનો અપિલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૧૧, માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ લોક અદાલત (સ્પેશ્યલ સિટિંગ) માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬
છોટાઉદેપુર

(એ. એમ. મેમણ )
જી જે ૦૧૨૫૧
ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ
છોટાઉદેપુર